# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૫/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી

### મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પના ભાગ રૂપે ચેમ્બરે ગામડાની મહિલાઓને રોજગારી અપાવી સર્ટિફિકેટ એનાયત કર્યા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે ૭૫માં સ્વતંત્રતા દિવસના અવસર પર સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ ઉપસ્થિત ભૂતપૂર્વ પ્રમુખો, મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલાં વેબ કોન્ફરન્સ થકી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની તમામ ચેમ્બર ઓફ કોમર્સ, નિર્યાતકારો અને ઉદ્યોગકારોને સંબોધન કર્યુ હતું. જેમાં વડાપ્રધાને દેશમાં ૭૫માં સ્વતંત્રતા પર્વની ઉજવણીના અમૃત મહોત્સવ નિમિત્તે નવા ૭૫ જેટલા દેશોમાં ભારતની વિવિધ પ્રોડકટને એકસપોર્ટ કરવાની હાંકલ કરી હતી. આ દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.

તેમણે કહયું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતનો બેલ્ટ ગોલ્ડન કોરિડોર તરીકે ઓળખાય છે ત્યારે આ બેલ્ટમાંથી સૌથી વધુ એકસપોર્ટ થઇ શકે અને તેના થકી દેશને એક નવી ઊંચાઇએ લઇ જઇ શકાય તે માટે ઉદ્યોગકારો અને વેપારી મિત્રોને પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રયાસમાં ચેમ્બર બધી જ રીતે ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને મદદ કરશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ કર્યો છે, જેના ભાગ રૂપે ચેમ્બર દ્વારા ૭૫માં સ્વતંત્રતા દિવસના અવસર પર સુરત ફરતેના ગામડાઓમાં રહેતી મહિલાઓને રોજગાર અપાવવાનો નિર્ધાર કર્યો છે. ચેમ્બર દ્વારા શરૂઆતના તબકકામાં સમાજ સેવિકા બીના રાવની મદદથી ૧૫ જેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી છે તથા આ મહિલાઓને આજે ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખો તેમજ લેડીઝ વીંગની બહેનોના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરની મદદથી આત્મનિર્ભર થવા જઇ રહેલી આ મહિલાઓમાં ભાઠા ગામની સોનલ નિતિન રાઠો, શિવાની કિરીટ રાઠોડ, સેજલ સતિષ રાઠોડ, નિશા બળવંત રાઠોડ, ભારતી ભરત રાઠોડ, રોશની સંજય રાઠોડ તથા ઇચ્છાપોર ગામની ભાવના સંજય રાઠોડ, કોમલ વિનોદ રાઠોડ, તુલસી સતિષ રાઠોડ, સુનિતા રમેશ મકવાણા અને ભાટપોર ગામની ખુશી પ્રકાશ રાઠોડ, તારા પ્રકાશ દેશમુખ, જિગીશા ગિરીશ ધોડીયા અને ફાલ્ગુની ભરત ધોડીયાનો સમાવેશ થાય છે.

આજના ધ્વજવંદન સમારોહનું સમગ્ર સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી દીપક કુમાર શેઠવાલાએ કર્યું હતું. સમારોહને અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.